(૩૦)

**પ્ર.૧ (અ) નીચેના પાઠની પૂર્તિ કરો.** **(૮)**

૧. ચાઉક્કાલં **સજ્ઝાયસ્સ અકરયાએ ઉભઓકાલં ભંડોવગરણસ્સ** અપ્પડિલેહણાએ

૨. જાવંતિ **કેઈ સાહૂ રયહરણ ગુચ્છગ** પડિગ્ગહધારા

૩. દેવસિયાએ **આસાયણાએ તિત્તીસન્નયરાએ જં કિંચિ મિચ્છાએ** મણ દુક્કડાએ

૪. પરિયટ્ટણાએ **આઉટ્ટણ પસારણાએ છપ્પઈ સંઘટ્ટણાએ કુઈએ કક્કરાઈએ** છીએ

**(બ) નીચેના શબ્દોના ગુજરાતીમાં અર્થ લખો અને કયા પાઠમાં આવે છે?** **(૫)**

| | જવાબ | પાઠ |
|---|---|---|
| ૧. સંજમં ઉવસંપજ્જામિ | **સંયમને અંગીકાર કરું છું** | **પાંચમા શ્રમણસૂત્રમાં** |
| ૨. પુચ્છણા | **પૂછવું** | **ધર્મધ્યાનના કાઉસ્સગ્ગમાં** |
| ૩. અપરિસુદ્ધં | **અશુદ્ધ ભિક્ષા** | **બીજા શ્રમણસૂત્રમાં** |
| ૪. સવ્વભૂએસુ | **બધા જીવોથી** | **ક્ષમાપના સૂત્રમાં** |
| ૫. જાવ સંપત્તાણં | **યાવત્ મોક્ષે પહોંચેલાઓને** | **સંથારામાં** |

**(ક) નીચેના શબ્દોના મૂળ પાઠ લખો અને કયા પાઠમાં આવે છે?** **(૫)**

| | જવાબ | પાઠ |
|---|---|---|
| ૧. વાચનાચાર્યની આશાતનાથી | **વાયણારિયસ્સ આસાયણાએ** | **ચોથા શ્રમણસૂત્રમાં** |
| ૨. મધુરા ફળની જાત | **માહુરય વિહિં** | **સાતમા વ્રતમાં** |
| ૩. સમ્યક્ પ્રકારે | **સમ્મં** | **સામાયિકના આઠમા પાઠમાં** |
| ૪. ન્યાયયુકત છે | **નેઆઉયં** | **પાંચમા શ્રમણસૂત્રમાં** |
| ૫. સૂત્ર વિરુદ્ધ | **ઉસ્સુત્તો** | **પ્રતિક્રમણના બીજા પાઠમાં** |

**(ડ) નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૧૨)**

૧. દેવસિય અને રાઈય પ્રતિક્રમણમાં મુખ્યત્વે શેના પચ્ચકખાણ કરવામાં આવે છે? તેની સંખ્યા કેટલી?

**જ. દેવસિય પ્રતિક્રમણમાં મુખ્યતાએ રાત્રિભોજન, ચૌવિહાર કે તિવિહારના પચ્ચક્ખાણ કરવામાં આવે છે અને રાઈય પ્રતિક્રમણમાં મુખ્યતાએ નવકારશી, પોરસીના પચ્ચક્ખાણ કરવામાં આવે છે. દેવસિય પ્રતિક્રમણની સંખ્યા ૩૩૫ દિવસ અને રાઈય પ્રતિક્રમણની સંખ્યા ૩૬૦ દિવસની થાય છે.**

૨. જગતમાં વિશિષ્ટ પૂજ્ય કોણ છે? બીજું નામ શું છે? હાલમાં તેઓ ક્યાં છે? ત્યાં તેઓ જ. ઉ. કેટલા હોય?

**જ. અરિહંત. તીર્થંકર. મહાવિદેહમાં. મહાવિદેહમાં જ. ૨૦ ઉ. ૧૬૦**

૩. આચાર્ય, ઉપાધ્યાય અને ગણધરનો સમાવેશ ચતુર્વિધ સંઘ અને નમસ્કાર સૂત્રના કયા પદમાં થાય છે? તેમના ગુણ કેટલા? તેઓ હાલમાં ક્યા છે?

**જ. આચાર્ય, ઉપાધ્યાય અને ગણધરનો સમાવેશ ચતુર્વિધ સંઘના પહેલા પદમાં – સાધુ અને નમસ્કાર સૂત્રમાં આચાર્યજી – ત્રીજા પદમાં, ઉપાધ્યાયજી – ચોથા પદમાં, ગણધરજી – પાંચમા પદમાં હોય છે. આચાર્યના ગુણ –૩૬, ઉપાધ્યાયના ગુણ – ૨૫, ગણધરના ગુણ – ૫૨.**

૪. પ્રતિક્રમણના આવશ્યક કેટલા? કયા કયા? પહેલા અને પાંચમા આવશ્યકથી શું લાભ થાય છે?

**જ. છ. સામાયિક, ચઉવીસત્થો, વંદના, પ્રતિક્રમણ, કાઉસ્સગ્ગ, પચ્ચક્ખાણ. પહેલા આવશ્યકથી સાવદ્યયોગની નિવૃત્તિ થાય છે અને પાંચમા આવશ્યકથી ભૂતકાળના અને વર્તમાનકાળના પાપના પ્રાયશ્ચિત્ત દ્વારા આત્મા વિશુદ્ધ થાય છે.**

૫. લોગસ્સ અને નમોત્થુણંમાં શું તફાવત છે?

**જ. (૧) લોગસ્સમાં તીર્થંકરોની નામસ્તુતિ છે, જ્યારે નમોત્થુણંમાં અરિહંત, સિદ્ધની ગુણસ્તુતિ અને ગુણ સ્મરણ છે. (૨) લોગસ્સ કાવ્યમય (પદ્ય) છે, જ્યારે નમોત્થુણં પાઠમય (ગદ્ય) છે.**

૬. સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય શ્રાવક કેવી રીતે બને છે? તેમની સંખ્યા કેટલી?

**જ. જાતિસ્મરણ જ્ઞાન દ્વારા, અવધિજ્ઞાન દ્વારા, એકબીજાને બોધ આપવાથી કે મનુષ્યક્ષેત્રમાં તીર્થંકરની વાણી સાંભળીને સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય શ્રાવક બને છે. અસંખ્યાતા.**

**(૫૦)**

**પ્ર.૨ (અ) દંડકના આધારે જવાબ લખો. (૩૦)**

**(૧) વ્યાખ્યા લખો. (૫)**

૧. પદ્મ લેશ્યા – **અલ્પ કષાયી, શાંત ચિત્ત, તપ કરે, પરિમિત બોલે, આત્મદમન કરે, ઉપશાંત હોય, જિતેન્દ્રિય હોય.**

૨. અસમોહિયા મરણ – **જે દડીની પેઠે ચાલે અર્થાત્ બંદૂકની ગોળીની જેમ જીવના પ્રદેશ એકસાથે નીકળે તે.**

૩. સંજ્ઞા – **વેદનીય કે મોહનીયના કર્મના ઉદયથી થતી અભિલાષા કે ઈચ્છા.**

૪. કેવળદર્શન – **સંપૂર્ણ લોકાલોકના સર્વ દ્રવ્યોનો સામાન્ય બોધ તે.**

૫. આહારક સમુદ્‌ઘાત – **આહારકનું પૂતળું બનાવવા આત્મપ્રદેશોને શરીરની પહોળાઈ જેટલો દંડ કાઢી દિશા વિદિશામાં સંખ્યાતા યોજન સુધી ફેલાવવા.**

**(૨) જોડકા જોડો. (૪)**

| (અ) | (બ) | જવાબ |
|---|---|---|
| ૧. સ્થળચર | ૧. સમકિતી | **૪. ૮૪૦૦૦ વર્ષ** |
| ૨. મતિજ્ઞાની જુગલિયા | ૨. બે અજ્ઞાન | **૧. સમકિતી** |
| ૩. સંમૂર્ચ્છિમ મનુષ્ય | ૩. વિવિધ સંસ્થાન | **૨. બે અજ્ઞાન** |
| ૪. ઉત્તર વૈક્રિય | ૪. ૮૪૦૦૦ વર્ષ | **૩. વિવિધ સંસ્થાન** |

**(૩) મને ઓળખો. (૫)**

| | જવાબ |
|---|---|
| ૧. હું શુભ ધ્યાનમાં અને શાંત ચિત્તથી રહું છું. | **શુક્લ લેશ્યા** |
| ૨. મારા શરીરમાં ખીલીથી બંને હાડકા જોડાયેલા હોય. | **કીલકું સંઘયણ** |
| ૩. મારી સ્થિતિ જ. અંત. ઉ. ૩ અહોરાત્રિની છે. | **તેઉકાય** |
| ૪. હું મનથી વસ્તુનો સામાન્ય બોધ કરાવું છું. | **અચક્ષુ દર્શન** |
| ૫. મારા દ્વારા ભાષાના પુદ્‌ગલો લેવા–મૂકવાની શક્તિ પ્રાપ્ત થાય છે. | **ભાષા પર્યાપ્તિ** |

**(૪) નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૧૬)**

૧. સ્થાવરના દંડક કેટલા? કયા કયા? તેનો અવગાહના દ્વાર લખો.

**જ. સ્થાવરના દંડક પાંચ – પૃથ્વીકાય, અપ્‌કાય, તેઉકાય, વાઉકાય, વનસ્પતિકાય. પૃથ્વી, અપ્, તેઉ, વાઉની અવગાહના જ. આંગુલના અસંખ્યાતમા ભાગની, ઉ. આંગુલના અસંખ્યાતમા ભાગની, વાઉકાય ઉત્તર વૈક્રિય કરે તો જ. ઉ. આંગુલના અસંખ્યાતમા ભાગની, વનસ્પતિની જ. આંગુલના અસંખ્યાતમા ભાગની ઉ. ૧૦૦૦ જોજન ઝાઝેરી, કમલની નાલ આશ્રી.**

૨. હુંડ સંસ્થાન અને વૈક્રિય સમુદ્‌ઘાતમાં કેટલા અને કયા કયા દંડક લાભે?

**જ. હુંડ સંસ્થાનમાં ૧૧ દંડક – ૧ નારકી, ૫ સ્થાવર, ૩ વિકલેન્દ્રિય, ૧ તિર્યંચ પંચેન્દ્રિય, ૧ મનુષ્યનો દંડક. વૈક્રિય સમુદ્‌ઘાતમાં ૧૭ દંડક – ૧ નારકી, ૧૦ ભવનપતિ, ૧ વાયુકાય, ૧ તિર્યંચ પંચેન્દ્રિય, ૧ મનુષ્ય, ૧ વાણવ્યંતર, ૧ જ્યોતિષી, ૧ વૈમાનિકનો દંડક.**

૩. સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિયનો દર્શન, જ્ઞાન, આહાર અને પર્યાપ્તિ દ્વાર લખો.

**જ. દર્શન દ્વાર – દર્શન ૩ ચક્ષુદર્શન, અચક્ષુદર્શન, અવધિદર્શન. જ્ઞાન દ્વાર – જ્ઞાન ૩ મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન. અજ્ઞાન ૩ મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન, વિભંગજ્ઞાન. આહાર દ્વાર – આહાર ત્રણે પ્રકારનો ઓજ, રોમ, કવળ તથા સચેત, અચેત, મિશ્ર. પર્યાપ્તિ દ્વાર – તેમાં છ પર્યાપ્તિ અને છ અપર્યાપ્તિ.**

૪. દેવતાનો વેદ દ્વાર અને વિકલેન્દ્રિયનો યોગ દ્વાર લખો.

**જ. દેવતાનો વેદ – ભવનપતિથી બીજા દેવલોક સુધી બે વેદ પુરુષવેદ અને સ્ત્રીવેદ. ત્રીજા દેવલોકથી અનુત્તર વિમાન સુધી ૧ પુરુષવેદ. વિકલેન્દ્રિયનો યોગ દ્વાર – તેમાં યોગ ચાર તે ૧ વ્યવહાર વચનના, ૩ કાયાના તે ૨ ઔદારિક અને ૧ કાર્મણ.**

૫. સાતે નરકની ઉત્કૃષ્ટ સ્થિતિ લખો.

**જ. ઉત્કૃષ્ટ સ્થિતિ – પહેલી નરકે – ૧ સાગરોપમ, બીજી નરકે – ૩ સાગરોપમ, ત્રીજી નરકે – ૭ સાગરોપમ, ચોથી નરકે – ૧૦ સાગરોપમ, પાંચમી નરકે – ૧૭ સાગરોપમ, છટ્ઠી નરકે – ૨૨ સાગરોપમ, સાતમી નરકે – ૩૩ સાગરોપમ.**

૬. ઔદારિકના દંડકનો શરીર દ્વાર લખો.

**જ. પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વનસ્પતિકાય, ત્રણ વિકલેન્દ્રિયમાં શરીર ત્રણ તે ઔદારિક, તૈજસ, કાર્મણ, વાઉકાય અને તિર્યંચ પંચેન્દ્રિયમાં શરીર ચાર તે ઔદારિક, વૈક્રિય, તૈજસ, કાર્મણ, મનુષ્યમાં શરીર પાંચ તે ઔદારિક, વૈક્રિય, આહારક, તૈજસ, કાર્મણ.**

૭. ગર્ભજ મનુષ્યનો આગતિ–ગતિ દ્વાર અને એકેન્દ્રિયનો દૃષ્ટિ દ્વાર લખો.

**જ. ગર્ભજ મનુષ્યનો આગતિ–ગતિ દ્વાર – ચાર ગતિનો આવે અને ચાર ગતિ તથા પાંચમી મોક્ષગતિમાં જાય. ૨૨ દંડકનો આવે તે તેઉ, વાઉ વર્જીને અને જાય ૨૪ દંડકમાં. જુગલિયાનો આગતિ–ગતિ દ્વાર – બે ગતિનો આવે તે મનુષ્ય અને તિર્યંચ પંચેન્દ્રિય. એક દેવ ગતિમાં જાય. આવે બે દંડકનો તે મનુષ્ય અને તિર્યંચ પંચે. ૩૦ અકર્મભૂમિનો ૧૦ ભવનપતિ, ૧ વાણવ્યંતર, ૧ જ્યોતિષી, ૧ વૈમાનિક એ ૧૩ દંડકમાં જાય અને ૫૬ અંતરદ્વીપના ૧૦ ભવનપતિ, ૧ વાણવ્યંતર એ ૧૧ દંડકમાં જાય.**

૮. અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય મરીને વૈક્રિયના કેટલા અને કયા દંડકમાં જાય? કયા દેવો એકાંત સમકિતી છે? તેમને જ્ઞાન હોય કે અજ્ઞાન? કેટલા અને કયા?

**જ. અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય મરીને વૈક્રિયના ૧૨ અને ૧ નારકી, ૧૦ ભવનપતિ, ૧ વાણવ્યંતરમાં જાય. ૫ અનુત્તર વિમાનના દેવો એકાંત સમકિતી છે. તેમને જ્ઞાન હોય. ત્રણ – મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન.**

**(બ) કાળનું માપ અને અવગાહનાની સમજણના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૫)**

૧. ઉત્સેધ આંગુલનો ઉપયોગ શેના માટે કરવામાં આવે છે?

**જ. નરક આદિ ચાર ગતિના જીવોના શરીરની ઊંચાઈને માપવા માટે ઉત્સેધ આંગુલનો ઉપયોગ થાય છે.**

૨. છ ઋતુના નામ લખો. એક ઋતુ એટલે કેટલા માસ થાય?

**જ. વસંત, ગ્રીષ્મ, વર્ષા, શરદ, શિશિર, હેમંત. એક ઋતુ એટલે બે માસ થાય.**

૩. સંખ્યાત વર્ષના આયુષ્યવાળા કોને કહેવાય?

**જ. ૧ ક્રોડપૂર્વ વર્ષ સુધીનું જે મનુષ્ય કે તિર્યંચનું આયુષ્ય હોય તેને સંખ્યાત વર્ષના આયુષ્યવાળા કહેવાય.**

૪. એક ધનુષ્યના હાથ કેટલા અને ૨૦૦૦ ધનુષ્યનું માપ કેટલું થાય?

**જ. એક ધનુષ્યના હાથ ૪ હાથ અને ૨૦૦૦ ધનુષ્યનું માપ ૧ ગાઉ, ૧ કોશ થાય.**

૫. કયા શાશ્વત પદાર્થના માપ પ્રમાણ આંગુલથી મપાય છે?

**જ. શાશ્વત નદી, શાશ્વત પર્વત, ભવનપતિના ભવન, નરકાવાસા, દેવવિમાનો, જંબૂદ્વીપ વગેરે અસંખ્ય દ્વીપ, લવણ સમુદ્ર વગેરે અસંખ્ય સમુદ્ર, સિદ્ધશિલા વગેરે.**

**(ક) ૩૨ અસજ્ઝાયના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૧૦)**

૧. સૂર્યગ્રહણ ક્યારે થાય છે? તેની અસજ્ઝાય કેટલા પ્રહરની હોય છે?

**જ. અમાસના દિવસે. ખંડગ્રહણની ૧૨ પ્રહર, પૂર્ણ ગ્રહણની ૧૬ પ્રહરની.**

૨. ...... થી ...... ના ...... ના સમયને મધ્યરાત્રિ કહે છે. તેની અસજ્ઝાય ...... છે.

**જ. સૂર્યાસ્ત, સૂર્યોદય, મધ્યભાગ, ૧ મુહૂર્ત.**

૩. ઉલ્કાપાત, પતન, અષાઢ સૂદ પૂનમ અને અશુચિ સામન્તની અસજ્ઝાય કેટલા સમય સુધી હોય છે?

**જ. ઉલ્કાપાત – ૧ પ્રહર સુધી, પતન – રાજાનું અવસાન થતા નવો રાજા ઘોષિત ન થાય ત્યાં સુધી, અષાઢ સુદ પૂનમ – ૨૪ કલાક, અશુચિ સામન્ત – દુર્ગંધ આવે કે દેખાય ત્યાં સુધી.**

૪. આકાશ સંબંધી અસજ્ઝાયના માત્ર નામ લખો.

**જ. ઉલ્કાપાત, દિગ્દાહ, ગર્જિત, વિદ્યુત, નિર્ઘાત, યૂપક, યક્ષાદીપ્ત, ધૂમિકા, મિહિકા, રજોદ્ઘાત.**

૫. અસજ્ઝાય એટલે શું? તે કોને લાગુ પડે છે?

**જ. અસ્વાધ્યાય. જે કાળમાં આગમ સૂત્રના મૂળ પાઠનો સ્વાધ્યાય, ગાથા ગોખવી, વાંચવી કે પરિયટ્ટણા કરવા રૂપ કરી શકાય નહિ. તે આગમ સૂત્રના મૂળ પાઠને જ લાગુ પડે છે, અર્થને નહિ.**

**(ડ) મોક્ષમાર્ગની આરાધનાના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૫)**

૧. શેના સેવનથી જીવ કર્મ બાંધી સંસારમાં ભ્રમણ કરે છે?

**જ. રાગ–દ્વેષ, આરંભ–પરિગ્રહ, વિષય–કષાયના સેવનથી જીવ કર્મ બાંધી સંસારમાં ભ્રમણ કરે છે.**

૨. દર્શનાચારનું પાલન કરવા દઢધર્મી, પ્રિયધર્મી કેવી રીતે બનશું?

**જ. પૂ. સાધુ–સાધ્વીજીની મન, વચન, કાયાથી પર્યુપાસના કરવી.**

૩. ચારિત્ર ગુણને પ્રાપ્ત કરવા શેનો **પુરુષાર્થ કરવો જોઈએ?**

**જ. ૫ ઈન્દ્રિયોના વિષય પર ચાર કષાયો પર કાબૂ મેળવવાનો પુરુષાર્થ કરવો જોઈએ.**

૪. આપણા ધર્મશાસ્ત્ર કયા છે? તે કેવી રીતે ભણવા જોઈએ?

**જ. વર્તમાન ૩૨ આગમો. તે આગમ સૂત્રો આત્માના કલ્યાણ માટે ગુરુગમથી ભણવા જોઈએ.**

૫. આત્માનો શુદ્ધ સ્વભાવ શું છે? પાપકર્મ કેવી રીતે ખપાવવા જોઈએ?

**જ. કર્મ રહિત અવસ્થા, પાપકર્મ ૧૨ પ્રકારના તપ વડે ખપાવવા જોઈએ.**

**(૧૦)**

**પ્ર.૩ વાર્તાના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. સંગમે પ્રભુ મહાવીરને શું ઉપસર્ગો આપ્યા?

**જ. સંગમે નામના મિથ્યાત્વી દેવે છ માસ સુધી પ્રભુને ભયંકર ઉપસર્ગો આપ્યા. ધૂળનો વરસાદ કર્યો. ઝેરી કીડીઓથી પ્રભુનું શરીર ચારણી જેવું કર્યું. વાઘના, હાથીના અને સર્પના રૂપે પ્રભુને ઉપસર્ગો આપ્યા. એક રાત્રિમાં ૨૦ ઉપસર્ગો આપ્યા, છતાં પ્રભુ ન ડગ્યા.**

૨. મરિચીએ લીધેલા ત્રિદંડી વેશનું વર્ણન કરો.

**જ. મરિચીએ ત્રિદંડનું ચિહ્ન રાખ્યું. માથા પર શિખા રાખી, છત્ર અને અણુવ્રતધારી બન્યા. પરિગ્રહ રાખતા થયા. ચંપલ પહેરતા, લલાટ પર ચંદન લગાવતા, રંગીન વસ્ત્ર ધારણ કરતા.**

૩. ત્રિપૃષ્ઠ વાસુદેવે કેવી રીતે કર્મબંધ કર્યો? ત્યાંથી આયુષ્ય પૂર્ણ કરી ૧૯ થી ૨૨ ભવમાં ક્યાં ગયા?

**જ. ત્રિપૃષ્ઠ વાસુદેવ સંગીતના અવાજથી ઉઠી ગયા અને ભાન ભૂલી ક્રોધાતૂર બની શય્યાપાલકના કાનમાં સીસું રેડાવ્યું. તીવ્ર રૌદ્રે પરિણામે કર્મબંધ કર્યો. ત્યાંથી આયુષ્ય પૂર્ણ કરી સાતમી નરકમાં ગયા. ૧૯ મો ભવ સિંહ, ૨૦ મો ભવ–ચોથી નરક, ૨૧ મો ભવ–વિમલકુમાર, ૨૨ મો ભવ–દેવનો.**

૪. પ્રિયમિત્ર ચક્રવર્તીના માતા–પિતા અને નગરીનું નામ શું હતું? તેમની માતાએ કેટલા સ્વપ્ન જોયા?

**જ. માતા ધારિણી, પિતા ધનંજય, નગરી મહાવિદેહ ક્ષેત્રની મૂકા નગરી. તેમની માતાએ ૧૪ સ્વપ્ન જોયા.**

૫. મહાવીર પ્રભુની દેશના ..... ભાષામાં ..... રાગમાં બોલાતી. પ્રથમ શ્રાવક ....., પ્રથમ શ્રાવિકા ..... હતા.

**જ. અર્ધમાગધી, માલકોષ, શંખ, સુલસા.**

**(૧૦)**

**પ્ર.૪ નીચેના કાવ્યની પૂર્તિ કરો.**

૧. કુન્તાગ્ર .... લભન્તે. **પાના નં. ૨૫૧ ગાથા ૪૩** ૨. યૈઃ શાંતરાગ .... રૂપમસ્તિ. **પાના નં. ૨૪૬ ગાથા ૧૨**

૩. કો વિસ્મયોત્ર ........ પીક્ષિતોસિ. **પાના નં. ૨૪૮ ગાથા ૨૭**

૪. ભક્તામરની ૩૫ મી કડી લખો. **પાના નં. ૨૫૦ ગાથા ૩૫**